# ૨. પોટલાં ટપકે ટપ્પ

પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાંચન-અર્થગ્રહણ કરે છે.

હું શોધીને લખું.

નીચેના સુવિચાર વાંચો

૧. વિદ્યા વિનયથી શોભે છે.

૨. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ

૩. ઉદ્યમ કરે તે ઉત્તમ માણસ

૪. વૃક્ષોએ પૃથ્વી પરના દેવદૂતો છે.

૫. દ્રષ્ટાંત આપો નહિ, દ્રષ્ટાંતરૂપ બનો.

૧. ઉપરના સુવિચારોને આધારે ખૂટતા અક્ષરો મૂકી ખાલી જગ્યા પૂરો.

............ દ્યા, ................ ત્ત ..................

............. ક્ષો, ................ થ્વી સૃ................

..............ષ્ટિ, ...............ષ્ટાં .......................

ભાષા સજ્તા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો સમજતો થાય છે તથા એનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

તમારી શાળાના બાળકોનાં નામમાં આવા અક્ષરો આવતા હોય તો તે નામ લખો.

ક્ષ, દ્ય, શ્ર, પૃ, સૃ, વૃ, કૃ

ઉદા. પક્ષ

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

**આપેલા શબ્દોનો ઉપયોગ કરી તેમને મનપસંદ ચાર વાકયો લખો.**

(દેડકો, મોર, કાદવ,સવાર, મેઘધનુષ)

શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે.

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

પંખી = ..............

બા = ..............

ગમ્મત = ..............

જીત = ..............

ફોરાં = ..............

ભાવાત્મક સમાવેશન કરી શકે છે.

ક્રૌંસમાંથી બંધબેસતો જવાબ પસંદ કરી લખો.

(વાવાઝોડું આવ્યું હોય તેવું લાગે, વરસાદ આવ્યો હોય તેવું લાગે, સૂર્યોદય થયો હોય તેવું લાગે, વીજળી થાય તેવું લાગે)

(૧) વાદળાંના હાથીએ સૂંઢથી મોટા ફૂંફાડા માર્યા.

(૨) આકાશમાં મોટી ટ્યુબલાઈટ થઈ.

(૩) ગુસ્સે થઈ વાદળાં ઝઘડ્યાં.

(૪) વાદળાં એ દિવાળી ઊજવી.

(૫) આખી ધરતી પર ફેલાઈ એવડો ફુવારો છોડ્યો.